

જેના દર્શનેથી પરભાવો ટળી જતા રે,
જેને પરખી લેતાં આતમને પરખાય.
એવી જિન વિભૂતિ સ્વર્ણપુરીમાં ઉતરી રે ...

એપ્રિલ ૧૯૮૩ * આત્મધર્મ * [ ૪૭૪ ] * અંક : ૧૦ વર્ષ : ૩૯

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વહેલા અધ્યાત્મ-અમૃતની પ્રસાદી

'મુમુક્ષુએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું ?—તે વિશે થોડું કહો'—એમ કોઈ મુમુક્ષુભાઈ તરફથી વિનંતિ કરવામાં આવતાં 'પૂજ્ય ગુરુદેવે ઘણું કહ્યું છે; સમ્યગ્દર્શન વિશે, તેના પુરુષાર્થ વિશે, જ્ઞાયકતત્ત્વ વિશે ઘણું સ્પષ્ટ સમજાવ્યું છે; હું શું કહું ?' એમ પહેલાં તો પૂજ્ય બહેનશ્રી નરમાશથી બોલ્યા; પછી જરા થોભીને નીચે પ્રમાણે ઉદ્‌ગારો નીકળ્યા:—

ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો ... જ્ઞાયક આત્માને ઓળખવો.... 'હું જ્ઞાયક-સ્વરૂપ છું'...આત્માને બધાંથી જુદો—પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો જાણવો....જુદો જ છે.

અનાદિકાળથી પોતે પોતાનું સ્વરૂપ છોડયું નથી, પણ ભ્રાંતિને લીધે 'છોડી દીધું છે' એમ ભાસ્યું છે. અનાદિ કાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે.

'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે.

પ્રશ્ન:—મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?

ઉત્તર:—પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય—બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્યસ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે.

પહેલાંમાં પહેલાં ચૈતન્યને ઓળખવો, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું....તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે.

પ્રગટ કરવામાં પોતાની તૈયારી—ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે, ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.

[ સમ્યક્ જયંતી પ્રસંગના સંબોધનમાંથી ]

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૧૦
[ ૪૭૪ ]

વીર સંવત ૨૫૦૯
A.D. 1983
APR.




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

## શ્રી દેવ–ગુરુ મહિમાનો, જયકાર ગગને ગાજે

ચૈત્ર સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૨–૪–૮૩ ના રોજ સોનગઢના માનસ્તંભમાં

**શ્રી સીમંધરસ્વામીના પ્રતિષ્ઠા–મહોત્સવની ૩૧ મી વર્ષગાંઠ**

શ્રી સદ્‌ગુરુ કરકમળેથી, મહા મંગળ વિધિ થાય છે;
મહા મંગળ વિધિ થાય છે, મહા મંગળ વિધિ થાય છે,
મહા મંગળ વિધિ થાય છે.
આ ભરતક્ષેત્રમાંહી, પ્રતિષ્ઠા સ્વર્ણે ગાજે (૨)
શ્રી માનસ્તંભ બન્યાં છે, સુવર્ણના મંદિરીયે—શ્રી....
શ્રી જિનવરનાં મુખડાં નીરખી, ગુરુવરના દિલડાં હરખે (૨)
એ પુનિત હૃદયોમાંહી, શ્રી જિનવરજી બિરાજે—શ્રી....
સુવર્ણ સલાકા સોહે, શ્રી ગુરુવર કરકમલોમાં (૨)
પુનિત અંતર આતમથી, અંકન્યાસ વિધિ થાય છે—શ્રી....
શ્રી વિદેહક્ષેત્રમાંહી, સીમંધરનાથ બિરાજે (૨)
અમીદષ્ટિ વરસાવે, શ્રી મંગળ વિધિ માંહી—શ્રી.......
આ પંચકલ્યાણક માંહી—શ્રી....
વીતરાગ સ્વરૂપ બતાવ્યું, શ્રી કહાન ગુરુદેવે (૨)
જિનવર વૈભવ બતાવ્યા, જિનસ્તંભને થંભાવીયા—શ્રી....
શ્રી જિનવર લોચન સોહે, ગુરુદેવનાં મનડાં મોહે (૨)
જિનેન્દ્ર પધાર્યા દ્વારે, તુજ મહિમા અદ્‌ભુત આજે—શ્રી....
શ્રી દેવ–ગુરુ મહિમાનો, જયકાર ગગને ગાજે (૨)
અંતર સેવકનાં નમતાં, શ્રી ગુરુવરના ચરણોમાં—શ્રી....

# 卐 વિષાપહાર સ્તોત્ર 卐

(પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

[ત્રીજું પ્રવચન]

આ એક વિષાપહાર નામનું સ્તોત્ર છે. તેમાં ભગવાનની સ્તુતિ છે. ખરેખર તો આત્મ-ભગવાનની સ્તુતિ છે. મિથ્યાત્વરૂપી ઝેરનો નાશ કરીને તથા સ્વરૂપમાં એકાગ્ર થઈને રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરીને જેમને વીતરાગતા થઈ છે, તેમની આ સ્તુતિ છે.

નવમાં શ્લોકમાં કહ્યું કે હે ભગવાન! આપે છતા ઈન્દ્રિયના વિષય-સુખને છોડીને, અછતા અતીન્દ્રિયસુખની ભાવના કરી અને આત્મામાં જે અનંત આનંદ અવ્યક્ત-અપ્રગટ હતો તેને આપે પ્રગટ કર્યો. આપે સંસારના સુખની ઝાંખ પણ કરી નહિ. મળેલા સંસારિક સુખને આપે છોડયા. ભગવાન આત્માનો આનંદ તો અવ્યક્ત છે, દેખવામાં આવતો નથી, તેને આપે પ્રગટ કર્યો અને અનંત અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં આપ એકાકાર થયા માટે આપ જ પુરુષોત્તમ પુરુષ છો. આમ નવમા શ્લોકમાં વિરોધાભાસ અલંકાર દ્વારા ભગવાનની સ્તુતિ કરી. હવે દસમો શ્લોક કહે છેઃ—

**स्मरः सुदग्धो भवतैव तस्मिन्, उद्धूलितात्मा यदि नाम शंभुः ।**
**अशेत वृन्दोपहतोऽपि विष्णुः, किं गृह्यते येन भवानजागः ।। १० ।।**

કામ જલાયા તુમને સ્વામી, ઈસી લિયે યહ ઉસકી ધૂલ ।
શંભુ રમાઈ નિજ શરીર મેં, હોય અધીર મોહ મેં ભૂલ ॥
વિષ્ણુ પરિગ્રહયુત સોતે હૈં, લૂટે ઉન્હેં ઈસી સે કામ ।
તુમ નિર્ગ્રંથ જાગતે રહતે, તુમસે ક્યા છીને વહ વામ ॥ ૧૦ ॥

ભક્તામર-સ્તોત્રમાં એક શ્લોકમાં કહ્યું છે કે હે ભગવાન! મેં બીજા દેવોને પહેલેથી જોઈ લીધા, તે ઠીક થયું. હવે આપને જોયા પછી, મને અન્ય દેવોને જોવાની ઈચ્છા જ થતી નથી. આપ જે વાત બતાવી રહ્યા છો, તે વાત બીજે ક્યાંય નથી. આપના સ્વરૂપનું ભાન થતાં હવે મને બીજે ક્યાંય જોવાની ઈચ્છા રહી નથી.

જુઓ! જીવે સાચા દેવની ઓળખાણ પણ પૂર્વે અનંતકાળમાં કરી નથી. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, તમારા કહેલાં તત્ત્વનો કદિ મેં વિચાર ન કર્યો. એક સેકંડના અસંખ્યમાં ભાગમાં જેની પૂર્ણ સંપદા ફાલીને ફુલી ગઈ, એવા સર્વજ્ઞપદની મહિમાનું શું કહેવું? પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે જે જ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને પહોંચી ન વળે તો તે જ્ઞાનને દિવ્ય

કેમ કહેવાય? કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને છિન્ન-ભિન્ન કરીને પૃથક્ પૃથક્ જેમ છે તેમ જાણી લે છે. સર્વજ્ઞની આજ્ઞા બહાર ત્રણ કાળ ત્રણ લોકમાં કંઈ થતું નથી. આવું સર્વજ્ઞપદ જેના જ્ઞાનમાં—જેના ભાવમાં—જેના હૃદયમાં બેઠું છે તે સર્વજ્ઞપદના અભિલાષી, અલ્પકાળમાં સર્વજ્ઞ-પદને પ્રાપ્ત કરે છે. આ ઓળખાણ કહેવા માત્ર નથી, પણ આ વાત તેના જ્ઞાનમાં બેસવી જોઈએ.

પ્રવચનસારમાં કહ્યું કે હે ભગવાન! હું વંદન કરનાર કોણ છું અને આપ વંદ્ય કોણ છો, બંન્નેનું મને ભાન છે. પ્રભુ! હું જ્ઞાન-દર્શન સંપન્ન આત્મા છું, અને આપ પૂર્ણજ્ઞાન-દર્શનની પર્યાયને પ્રાપ્ત છો. હું પર્યાયમાં અલ્પ જ્ઞાન-દર્શનવાળો છું અને આપ પર્યાયમાં પૂર્ણ જ્ઞાન-દર્શન સંપન્ન થયા છો તેથી હું પૂર્ણજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરવાની અભિલાષાથી પૂર્ણજ્ઞાન-દર્શનને પ્રાપ્ત એવા આપને નમસ્કાર કરું છું. પ્રભુ! હું ઓળખાણ પૂર્વક આપને નમસ્કાર કરું છું. હે ભગવાન! જગતમાં આપના જેવા બીજા કોઈ દેવ નથી.

કામદેવને આપે ભસ્મ કરેલ છે અર્થાત્ આપને ઇચ્છા માત્રનો મૂળથી નાશ થયો છે. આપે કામને બાળીને ભસ્મ કર્યો તેની ભસ્મ મહાદેવે પોતાના શરીરને લગાવી છે. અન્ય દેવો સ્ત્રી આદિ પરિગ્રહ સહિત છે. ખરેખર મહાદેવ તો આપ છો. કામને આપે બાળીને ભસ્મ કર્યો તેથી દેવોએ આપની ઉપર પુષ્પવૃષ્ટિ કરી હતી. આપ પૂર્ણ નિર્ગ્રંથ છો. આપને ઇચ્છા માત્રનો નાશ થઈ ગયો છે. હે નાથ! આપે શાસન સ્થાપ્યું. છ-છ ઘડી દિવસમાં ચાર વખત આપની વાણી છૂટતી હતી પણ શાસનનું શું ફળ આવ્યું તે આપે જોયું નહિ. અર્થાત્ ઇચ્છાનો આપને સર્વથા અભાવ થઈ ગયો છે. તેથી શાસનનું શું થયું એવો વિકલ્પ આપને ઊઠયો નહિ.

હે ભગવાન! જગતવિજયી કામની ઉપર આપે એવો વિજય મેળવ્યો છે કે કામ ફરીને ઊઠી શકયો જ નહિ. આપે કામને એવો પછાડયો કે ફરી ઉઠવાની તેની શક્તિ જ રહી નહિ. શ્રીકૃષ્ણે કંસને એવો પછાડયો કે તે ફરી ઊઠી શકયો જ નહિ, તેમ આપે કામ અર્થાત્ ઇચ્છા અર્થાત્ રાગનો એવો નાશ કર્યો છે કે હવે આપને કદિ રાગ થવાનો નથી.

સમયસારમાં કહ્યું છે કે આસ્રવરૂપી યોદ્ધાને બહુ ગર્વ હતો કે આખા જગતને મેં જીતી લીધું છે, મોટા-મોટા મુનિઓ કે જે દ્રવ્યલિંગ ધારીને-નવમી ગ્રૈવેયીકમાં જનારા હતાં તેમને પણ રાગમાં લાભ મનાવી મનાવીને મેં હરાવ્યા છે—એમ આસ્રવરૂપી યોદ્ધો ગર્વ કરતો હતો તેને પણ સંવરે પછાડયો-નાશ કર્યો. તેમ હે ભગવાન! જગત-વિજયી કામને પણ આપ જીતનારા છો તેથી આપના સમાન જગતમાં કોઈ દેવ નથી.

સંવર-નિર્જરાનો માર્ગ પણ હે પ્રભુ! આપે જ બતાવ્યો છે તથા આપ સ્વરૂપમાં

લપેટાઈને સ્વરૂપમાં જ લીન રહો છો. તેથી મેં બરાબર જાણ્યું છે કે આપ જ સર્વજ્ઞ અને વીતરાગ છો, આપથી અન્ય કોઈ દેવ સર્વજ્ઞ કે વીતરાગ નથી.

स नीरजाः स्यादपरोऽघवान्वा, तद्दोषकीर्त्यैव न ते गुणित्वम् ।
स्वतोम्बुराशेर्महिमा न देव ! स्तोकापवादेन जलाशयस्य ।। ११ ।।

ઔર દેવ હોં ચાહે જૈસે, પાપ સહિત અથવા નિષ્પાપ।
ઉનકે દોષ દિખાને સે હી, ગુણી કહે નહિ જાતે આપ ॥
જૈસે સ્વયં સરિતપતિ કી અતિ, મહિમા બઢી દિખાતી હૈ ।
જલાશયોંકે લઘુ કહનેસે, વહ ન કહીં બઢ જાતી હૈ ॥ ૧૧ ॥

ભગવાન જાણે સામે ઊભા હોય અને તેમનું કાંડુ પકડીને વાત કરતાં હોય એવી રીતે આ સ્તુતિ કરી છે. સમંતભદ્ર આચાર્યે પણ એવી રીતે સ્તુતિ કરી છે કે જાણે ભગવાન ગિરીગુફામાંથી બહાર નીકળતા હોય અને પોતે ભગવાનનું કાંડું પકડ્યું છે કે ઊભા રહો, બીજાની જેમ આંધળી સ્તુતિ કરનાર હું નથી. હું આપને પરીક્ષા પૂર્વક ઓળખીને આપની સ્તુતિ કરનાર છું.

હે પ્રભુ! બીજા દેવો પાપસહિત હો કે પાપરહિત હો, બીજા દેવોના દોષ-વર્ણનથી આપની ગુણસહિતતા નથી, પરંતુ આપ સ્વભાવથી જ મહિમા યોગ્ય છો. સમુદ્રની વિશાળતા અને અગાધતા સ્વાભાવિક જ છે. તળાવની કે કુવાની લઘુતા બતાવવાથી સમુદ્રની વિશાળતા કે અગાધતા નથી. પરંતુ સમુદ્ર સ્વભાવથી જ વિશાળ અને અગાધ છે.

આપે અચિંત્ય ગુણ-નિધાનને પ્રગટ કરેલ છે. તેથી આપનો મહિમા સ્વભાવથી જ છે. આ આત્મા પણ સર્વજ્ઞસ્વભાવથી ભરેલો છે તેથી તેની પર્યાયમાં ભરતી આવીને કેવળજ્ઞાન થાય છે. તે તેનો સ્વાભાવિક મહિમા છે. બીજાની સાથે તુલના કરવાથી ચૈતન્ય-સ્વભાવનું માપ આવતું નથી.

જુઓ! આ દેવની ભક્તિ ચાલે છે. સમકિતી જ ભક્તરાજ છે. બીજા કોઈ ભગવાનના સાચા ભક્ત હોઈ શકે નહિ.

હે ભગવાન! બીજાના દોષ બતાવીને અમે આપના ગુણ સિદ્ધ કરવા માગતા નથી. પરંતુ આપ બધાથી નિર્પેક્ષ છો. વિકારી પર્યાય થાય છે તે પણ જ્યાં નિર્પેક્ષ છે. તો સ્વભાવની નિર્પેક્ષતાનું શું કહેવું ?

હે ભગવાન! આપના સુખનો એક અંશ પ્રગટ કરતાં ઇન્દ્રના સુખો પણ તરણા

જેવા તુચ્છ લાગે. આપના સુખના એક અંશની પણ આટલી મહિમા છે. તો આપનાં અનંત જ્ઞાન, અનંત-દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આદિના મહિમાનું શું કહેવું ? અર્થાત્ આપનો મહિમા સ્વાભાવિક જ છે. આપના મહિમાને કોઈની અપેક્ષા લાગુ પડતી નથી.

कर्मस्थिति जन्तुरनेकभूमिम्, नयत्यमुं सा च परस्परस्य।
त्वं नेतृभावं हि तयोर्भवाब्धौ, जिनेन्द्र नौनाविकयोरिवाख्यः ॥१२॥

કર્મસ્થિતિ કો જીવ નિરન્તર, વિવિધ થલોં મેં પહુઁચાતા ।
ઔર કર્મ ઇન જગ-જીવોં કો, સબ ગતિયોં મેં લે જાતા ॥
યોં નૌકા નાવિક કે જૈસે, ઇસ ગહરે ભવસાગર મેં ।
જીવ-કર્મ કે નેતા હો પ્રભુ, પાર કરો કર કૃપા હમેં ॥૧૨॥

જેમ દરિયામાં નાવને નાવિક લઈ જાય છે, તથા નાવિકને નાવ દરિયામાં લઈ જાય છે, તેવી જ રીતે સંસાર-સમુદ્રને વિષે જીવ પોતાના પરિણામના નિમિત્તે બંધાયેલા કર્મોને તે જ્યાં જ્યાં જાય છે ત્યાં સાથે લઈ જાય છે, તથા તે આયુ આદિ કર્મોના નિમિત્તે જીવ ચારે ગતિમાં જાય છે. આમ એક-બીજાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી હે ભગવાન! આપે જીવ અને કર્મો વચ્ચે પરસ્પર નેતૃત્વ કહેલ છે.

જીવ-કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધની દૃષ્ટિએ કહેવાય છે કે કર્મ જીવને ચાર-ગતિઓમાં લઈ જાય છે પણ જ્ઞાતાદ્રષ્ટારૂપ જીવ-સ્વભાવની દૃષ્ટિએ જીવને ગતિઓમાં આવવું-જવું છે જ નહિ. જીવ-સ્વભાવ તો અનાદિ સંસારમાં જેમનો તેમ જ રહ્યો છે. જેમ ચાલતાં ઘંટીના પડ ઉપર માખી બેઠી હોય તો ઘંટીનું પડ ફરે છે, તે દૃષ્ટિએ માખી પણ ફરે છે તેમ લાગે છે, પરંતુ ખરેખર તો માખી તો જ્યાં છે ત્યાં છે, માખી ફરતી નથી, ઘંટીનું પડ ફરે છે. તેમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધની દૃષ્ટિએ કર્મ જીવને ગતિઓમાં લઈ જાય છે અને જીવ કર્મને બાંધે છે તેમ કહેવાય છે. પરંતુ જીવ-સ્વભાવની દૃષ્ટિએ જીવ તો જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપે જેવો છે તેવો જ સદાય રહ્યો છે. જીવ-સ્વભાવમાં ચાર-ગતિનું ભ્રમણ નથી.

હે ભગવાન! આપે જીવ અને કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ વ્યવહાર બતાવ્યો છે. પરંતુ આપ તો એ વ્યવહારથી પાર થયા છો. આપને હવે કર્મની સાથે સંબંધ નથી. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર મને પણ નથી. વિકારથી પણ હું પૃથક્ છું તો નિમિત્ત તો મારાથી તદ્દન પૃથક્ છે. આમ રાગ અને કર્મથી પૃથક દ્રવ્ય-સ્વભાવની દૃષ્ટિ કરવી તે ભગવાનની સ્તુતિ છે.

सुखाय दुःखानि गुणाय दोषान्, धर्माय पापानि समाचरन्ति।
तैलाय बालाः सिकतासमूहं, निपीडयन्ति स्फुटमत्वदीयाः ॥१३॥

ગુણકે લિએ ભોગ કરતે હૈં, અસ્થિ-ધારણાદિક બહુ દોષ ।
ધર્મહેતુ પાપો મેં પડતે, પશુવધાદિકો કહ નિર્દોષ ॥
સુખહિત નિજ તનકો દેતે હૈં, ગિરિપાતાદિ દુઃખ મેં ઠેલ ।
યોં જો તવ મતબાહ્ય મૂઢ વે, બાલૂ પેલ નિકાલેં તેલ ॥ ૧૩ ॥

જેમ બાળક તેલ માટે રેતીને પીલે છે. તેને ખબર નથી કે રેતીમાં તેલ નથી. તેમ અજ્ઞાની જીવો રાગની ક્રિયા કરીને અમે ધર્મ કરી રહ્યાં છીએ તેમ માને છે. પણ જેમ રેતીમાંથી કદિ તેલ નીકળતું નથી તેમ રાગની ક્રિયાથી કદિ ધર્મ થતો નથી.

રામચંદ્રજી તો મહા વિવેકી અને જ્ઞાની હતાં. છતાં રાગને લઈને છ-છ મહિના સુધી લક્ષ્મણનું મડદું પોતાને ખભે લઈને ફરે છે. ત્યારે મિત્રદેવ તેમને સમજાવવા માટે રેતીમાંથી તેલ કાઢવા, રેતી પીલવાનું બતાવે છે. ત્યારે રામચંદ્રજી કહે છે આ તું શું કરે છે? ત્યારે દેવ પણ સામે કહે છે કે તમે આ શું કરો છો? મરી ગયેલા કદિ જીવતાં થાય? ફરીને દેવ અગ્નિમાં કમળ વાવવાનું દૃશ્ય બતાવે છે. ત્યારે રામચંદ્રજી કહે છે કે અરે મૂર્ખ! આ તું શું કરે છે? અગ્નિમાં કમળ કદિ ન ઊગે. આમ દેવ અનેક રીતે સમજાવતાં રામચંદ્રજીને ખ્યાલમાં આવી જાય છે કે અરે! રાગમાં હું ભૂલ્યો. પછી લક્ષ્મણજીનો અગ્નિ-સંસ્કાર કરે છે.

હે ભગવાન! આપના સ્વરૂપને નહિ જાણનારો અજ્ઞાની જીવો, સુખને માટે આત્મભાન વિના અનેક પ્રકારના કાયક્લેશ આદિ દુઃખને સહે છે તથા ધર્મને માટે પશુ-વધ આદિ અનેક પાપ ક્રિયા કરી રહ્યાં છે. પણ પ્રભુ! આ બધા અજ્ઞાની જીવો રેતીને પીલીને તેલ કાઢવા જેવું મૂર્ખાઈ ભરેલું કામ કરી રહ્યાં છે. અજ્ઞાનીઓ દોષનું સેવન કરીને ગુણ પ્રગટાવવા માગે છે પરંતુ તે બધા તેના વ્યર્થ પ્રયત્નો છે.

નિશ્ચયથી પુણ્ય અને પાપ બંને આત્માના ઘાતક છે. આત્મ-ઘાતક ભાવોનું સેવન કરીને જે ધર્મ કરવા માંગે છે તે બાળકની માફક રેતીને પીલીને તેલ કાઢ[illegible] જેવી મૂર્ખાઈ છે.

પરમાત્મપ્રકાશમાં આવે છે કે રામચંદ્રજી આદિ ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં વસ્તુ-સ્તવન કરતાં હતાં, ભલે વિકલ્પ હતો. પરંતુ વસ્તુ-સ્વભાવના ગાણા ગાતાં હતાં. વિકલ્પ હતો તેટલો લોકોત્તર પુણ્ય-બંધ થતો હતો અને જેટલી એકાગ્રતા કરે તેટલી ગુણ-સ્તુતિ છે. આમ ધર્માત્મા ગૃહસ્થાશ્રમમાં પણ વસ્તુ-સ્તવન કરે છે અને બહારમાં ભગવાનની ભક્તિ કરે છે.

હે ભગવાન! આપના શાસનનો જે આશ્રય નથી કરતાં તેઓને સંવર-નિર્જરા કે ધર્મનું ભાન હોતું નથી તેથી તેઓ ધર્મને માટે અનેક પ્રકારના કાયક્લેશો કરે

છે. અને તેના વડે સંસારનું સુખ ઇચ્છે છે. પ્રભુ! આ બધા બાળકની માફક રેતી પીલીને તેલ કાઢવા જેવું મૂર્ખાઈ ભરેલું કામ કરી રહ્યાં છે. જેમ જંગલમાં પશુ વસે છે તેમ આત્માના ભાન વિનાના જંગલમાં વસીને તપ કરે છે તે પશુ જેવા છે, તે મોહનું ભજન કરી રહ્યાં છે. આપ વીતરાગને તેઓ ભજતાં નથી.

જેઓ રતિ–લંપટી રાગી અને ક્રોધી દેવોની સેવા કરીને ધર્મ અને સુખ ચાહે છે, તેઓ રાગી–દ્વેષી દેવોની સેવા કરી ને ખરેખર રાગ–દ્વેષનું જ અનુમોદન કરી રહ્યાં છે. રાગી–દ્વેષી દેવોની પ્રશંસા કરે છે તે ખરેખર રાગ–દ્વેષની પ્રશંસા કરી રહ્યાં છે. આવા જીવોને ગુણોનો વિકાસ થતો નથી. પરંતુ દોષોનો જ વિકાસ થઈ રહ્યો છે. જેઓ સ્વયં ગુણવાન નથી એવા દેવોની શ્રદ્ધા–ભક્તિ કરનારને ગુણનો વિકાસ થઈ શકે નહિ. પરંતુ ગુણને બહાને દોષનો જ વિકાસ થઈ રહ્યો છે.

विषापहारं मणिमौषधानि, मन्त्रं समुद्दिश्य रसायनं च।
भ्राम्यन्त्यहो न त्वमिति स्मरन्ति, पर्यायनामानि तवैव तानि ।।१४।।

વિષનાશક મણિ મંત્ર રસાયન, ઔષધ કે અન્વેષણ મેં।
દેખો તો યે ભોલે પ્રાણી, ફિરેં ભટકતે વન વન મેં॥
સમઝ તુમ્હેં હી મણિમંત્રાદિક, સ્મરણ ન કરતે સુખદાયી।
ક્યોંકિ તુમ્હારે હી હૈ યે સબ, નામ દૂસરે પર્યાયી॥ ૧૪॥

જુઓ! આ સ્તોત્રનું નામ વિષાપહાર છે. તે નામ આ શ્લોકમાં આવ્યું છે. ધનંજય કવિ ભગવાન પાસે ભક્તિ કરતાં કરતાં જ્યાં આ શ્લોક બોલે છે–ત્યાં તેમના પુત્રનું વિષ ઉતરી જઈને તે બેઠો થાય છે. ભક્તામર સ્તોત્રમાં પણ આવે છે કે હે ભગવાન! આપનો ભક્ત, જ્યાં હાથીઓના લોહી નદીની માફક ચાલ્યા જતાં હોય એવા ભયંકર યુદ્ધમાં પણ જીતીને આવે છે. સિંહના બે પગની મધ્યમાં પડેલો જીવ પણ આપની ભક્તિથી બચી જાય છે. જલંદર જેવા ભયંકર રોગ પણ આપના ભક્તને મટી જાય છે. પ્રભુ! આપની ભક્તિનો કોઈ અચિંત્ય મહિમા છે.

અરિહંત એટલે વિકારરૂપી વૈરીને હણનાર એવો આત્મા પોતે જ અરિહંત છે. આત્મા જ સિદ્ધ છે. આત્મા જ પુરાણ પુરુષ છે. અજ્ઞાની અનાદિથી પરને પોતાનું માનીને મરી ગયો છે. જ્યાં અંતરમાં ચૈતન્ય પ્રભુનું ભાન થયું ત્યાં મિથ્યાત્વનું વિષ ઉતરી જતાં તે બેઠો થઈ જાય છે અર્થાત્ જાગૃત થઈ જાય છે. તે ખરેખર વિષાપહાર સ્તોત્ર છે.

આત્મામાં રાગ-દ્વેષ થાય છે તે ખરેખર તો જલંદર રોગ છે. ચૈતન્ય–સ્વરૂપમાં એકાગ્ર થતાં રાગ–દ્વેષરૂપી જલંદર રોગ મટી જાય છે. બહારમાં વિષ ઉતરી જવું, રોગ મટી જવો, પ્રતિકૂળતા ટળી જવી વિગેરે પુણ્યનો યોગ હોય તો એવો

કુદરતી નિમિત્ત-નૈમિત્તિક સબંધ ભજી જાય છે. ભગવાનની ભક્તિ આદિથી-પૂર્વે બંધાયેલ પુણ્યના ઉદયથી આવું બની જાય છે તેથી ભગવાનની ભક્તિથી આમ થયું તેમ કહેવાનો વ્યવહાર પણ યથાર્થ છે.

એક કથા આવે છે કે એક રાજકુમાર સંન્યાસી થઈને તપશ્ચર્યા કરીને સિદ્ધ-રસ પ્રગટ કરે છે અને તેના વડે લોઢાનું સોનું બનાવે છે. પોતાના ભાઈ જે ભાવલિંગી મુનિ હતા તેની પાસે જઈને સિદ્ધ-રસનો અરધો ઘડો પોતાના ભાઈને દરિદ્રી સમજીને આપે છે. આ મુનિરાજ તે સિદ્ધ-રસનો અરધો ઘડો જમીન ઉપર ફેંકી દે છે અને કહે છે કે અરે! તું સોના માટે ત્યાગી થયો છો? ધિક્કાર છે તને. મારો પેશાબ જે પથ્થરની શીલાને અડે તે શિલા આખી સોનાની થઈ જાય તેવી ઋદ્ધિ મને પ્રગટી છે પણ તેથી શું? આપણે સોનાને માટે ત્યાગી થયા નથી. આપણે તો આપણા આત્માને સાધવા માટે ત્યાગી થયા છીએ.

અજ્ઞાની એમ માને છે કે આપણે ધર્મ કરીશું અને તેનાથી સ્વર્ગમાં જઈશું. તેને જ્ઞાની કહે છે કે અરે! સ્વર્ગને માટે તું ધર્મ કરે છે? ધિક્કાર છે તને! આત્માની સમીપમાં જતાં જ્ઞાનીને સહેજે એવા ઊંચા પુણ્ય બંધાઈ જાય છે કે તેના ફળમાં તે સ્વર્ગમાં જાય છે. પરંતુ ધર્મીને સ્વર્ગની વાંછા હોતી નથી.

અહીં શ્લોકમાં ધનંજય કવિ તો કહે છે કે—હે ભગવાન! આપ જ મણિ છો, આપ જ મંત્ર છો, આપ જ રસાયણ છો તથા કલ્પવૃક્ષ આદિ બધું આપ જ છો. મણિમંત્રાદિ આપના જ પર્યાયવાચી નામો છે. જન્મ-મરણરૂપી રોગનો નાશ કરવા માટે હે પ્રભુ! આપ જ અમારું સર્વસ્વ છો, આપ તો વીતરાગ છો, પરંતુ આપની વીતરાગતા જેના જ્ઞાનમાં બેઠી તેને ખરેખર પોતાનો વીતરાગ સ્વભાવ બેઠો છે તેથી તેને હવે જન્મ મરણ હોય નહિ.

ઈન્દ્ર જેવા પણ જેના દાસાનુદાસ થઈને સેવા કરે છે એવા પરમાત્માની ઓળખાણ પૂર્વક ભક્તિ કરનારને અંદરમાં પરિણતી તો શુદ્ધ થાય છે અને બહારમાં પ્રતિકૂળ સંયોગો પણ છૂટી જાય છે. ધનંજય કવિ ભગવાનની ભક્તિમાં મસ્ત છે. વીતરાગતાની ધૂન લાગી છે ત્યાં બહારમાં પણ તેમના પુત્રનું વિષ ઉતરી જાય છે તેથી આ સ્તોત્ર "વિષાપહારસ્તોત્ર" તરીકે પ્રસિદ્ધ થયું છે. (-ક્રમશઃ)

# * વૈરાગ્યજનની બાર ભાવના *

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન ત્રીજું )

જેને આત્માનું જ્ઞાનાનંદ નિત્યસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે તે જ જીવ ખરેખર આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ ભાવી શકે છે. આત્માનું સ્વરૂપ સ્વ-પર પ્રકાશક ચૈતન્યમય છે, તેના ભાનપૂર્વકની આ ભાવનાઓ ધર્મીને હોય છે ને અજ્ઞાની જીવ સ્થિર ચિદાનંદને ભૂલીને શરીરાદિ પર સંયોગને સ્થિર રાખવા માગે છે પણ સંયોગો તો અસ્થિર છે-અધ્રુવ છે. અરે! પુણ્યની વૃત્તિ ઊઠે તે પણ અસ્થિર છે. જ્ઞાયકમૂર્તિ આત્મા સ્થિર રહેનારો છે તેની ભાવના છોડીને જે જીવ વિકારની ભાવના કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અહીં આત્માના ભાનપૂર્વકની વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે. તે બાર ભાવના ટૂંકમાં કહે છેઃ-

**૧. અધ્રુવભાવના એટલે કે અનિત્ય ભાવનાઃ**-ચિદાનંદ આત્મા નિત્ય છે ને તે સિવાય બધા સંયોગો ને પુણ્ય-પાપ અનિત્ય છે એવી ભાવના તે અનિત્યભાવના છે.

**૨. અશરણ ભાવનાઃ**-ચિદાનંદ પરમ સ્વભાવ એ જ મારું શરણ છે એ સિવાય પરમાં કયાંય મારું શરણ નથી. આત્માનું શરણ જાણ્યું છે તે જ પરને અશરણપણે જાણીને અશરણ ભાવના ભાવે છે. અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણ પૂર્વક યથાર્થ અશરણ ભાવના હોય છે. હું કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી, આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણ ભાવના છે.

જ્ઞાન સામર્થ્યમાં એકાગ્ર થવું તે જ ખરી ભાવના છે. આત્મા એક અને ભાવના બાર! એ ભાવના તે તો ભેદથી કથન છે. ત્યાં બાર ભાવનાના વિકલ્પની મુખ્યતા ન ગણતાં અંતરસ્વભાવમાં એકાગ્રતા થવી તે જ ખરી ભાવના છે. નિત્ય શરણરૂપ એવા ચૈતન્યના ભાન વિના "બધું અનિત્ય છે" એમ કહે તેને ખરેખર અનિત્ય ભાવના ન કહેવાય. ચૈતન્ય ભગવાન જ શરણભૂત છે, તેની ભાવનાથી સંવર થાય છે, એ સિવાય બીજું બધું અશરણ છે.

**૩. પરિભ્રમણ તે સંસાર છેઃ**-જીવે અજ્ઞાનભાવથી પૂર્વે અનંત ભવોમાં ભ્રમણ કર્યું છે. પૂર્વ ભવની માતા હોય તે જ બીજા ભવમાં સ્ત્રી થાય ઇત્યાદિ પ્રકારે

અનંત ભવમાં ભ્રમણ કર્યું છે. ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેનું અવલંબન કરે તો ભવ ભ્રમણ ટળે.

**૪. જ્યાં બીજું નથી તે એકત્વ છે.:**–મારો શુદ્ધ આત્મા એકલો છે. મારા શુદ્ધ આત્મા સિવાય બીજું કોઈ મારામાં નથી. દેહ, પુત્ર વગેરે કોઈ મારામાં નથી. પુણ્ય-પાપની વૃત્તિઓ પણ મારા સ્વરૂપમાં નથી. હું એકરૂપ ચૈતન્યમૂર્તિ છું. આવી ભાવના તે એકત્વભાવના છે. આવા ભાન વગર એમ બોલે કે "જીવ એકલો આવ્યો છે ને એકલો જશે" એ તો શુભરાગ છે. તે ખરી ભાવના નથી. શુભરાગ તો અભવ્યને પણ હોય છે પણ યથાર્થ ભાવના તો સંવરધર્મ છે તે સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. અહો! મારું ચિદ્‌ઘન સ્વરૂપ સિદ્ધ સદૃશ છે, તેમાં વિકારનો કે પરનો પ્રવેશ નથી. આવી ભાવના કરવી તે એકત્વ ભાવના છે.

**૫. સર્વથી જુદાપણું તે અનિત્ય છે:**–મારા ચિદાનંદસ્વરૂપ સિવાય બીજા બધાયથી મારે અન્યત્વ છે. શરીર–મન–વાણી–લક્ષ્મી–પુત્ર એ બધાયથી મારે અન્યત્વ છે. વિકારથી પણ ખરેખર અન્યત્વ છે. જ્ઞાનસ્વભાવથી જુદાપણું નથી. હું તો જ્ઞાનમય નિરૂપાધિ તત્ત્વ છું. આવી ભાવના કરવી તે અન્યત્વ ભાવના છે.

**૬. મલિનતા તે અશુચિ છે:**–શરીર અશુચિ છે એમ કહ્યું ત્યાં ખરેખર તો ધર્મીને શરીર જ્ઞેય છે. પણ ચિદાનંદ પવિત્ર સ્વભાવની ભાવના કરવા અને દેહાદિનો રાગ છોડવા માટે કહે છે કે "શરીર અશુચિરૂપ છે" ત્યાં કાંઈ શરીરને દેખીને ધર્મીને રાગ–દ્વેષ થતા નથી, પરને દેખવાના કારણે રાગ કે દ્વેષ થવાનું માને તે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી પરના કારણે રાગ–દ્વેષ માનતા જ નથી પણ પોતાની અસ્થિરતાથી રાગ દ્વેષ માને છે. શરીર અશુચિ છે એમ કહ્યું તે શરીર ઉપર દ્વેષ કરવા માટે નથી કહ્યું પણ શરીરથી ભિન્ન પવિત્ર જ્ઞાનસ્વભાવની ભાવના કરવા માટે કહ્યું છે.

શરીરના બધા અંગોમાંથી અશુચિ ઝરે છે ને મારા આત્મસ્વભાવમાંથી પવિત્ર જ્ઞાનાનંદ ઝરે છે. આમ સમજીને ધર્મી પોતાના અંતરસ્વભાવમાં જેટલાં એકાગ્ર થાય તેટલી ભાવના છે, વચ્ચે શુભ વિકલ્પ હોય તેની મુખ્યતા નથી.

**૭. કર્મનું આવવું તે આસ્રવ છે:**–સમ્યગ્દૃષ્ટિ વિચારે છે કે અહો! મારા ચિદાનંદસ્વભાવમાં કર્મની ઉપાધિ નથી. જે વ્રતાદિની શુભ વૃત્તિ ઊઠે તે પણ કર્મના આસ્રવનું કારણ છે. તે મારૂં સ્વરૂપ નથી. મારા જ્ઞાનાનંદ સ્વરૂપની ભાવનામાં કર્મનો આસ્રવ થતો નથી.

**૮. કર્મના આસ્રવને રોકવો તે સંવર છે:**–ખરેખર કર્મને રોકવા તે ઉપચારનું કથન છે. પણ ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર રહેતાં કર્મ આવતા જ નથી; તે આવવા યોગ્ય હતાં ને અટકાવ્યા એમ નથી પણ તે આવવા યોગ્ય જ ન હતાં.

ચિદાનંદસ્વરૂપની ભાવનામાં એકાગ્ર રહેતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી, તેનું નામ સંવર છે.

**૯. કર્મનું ખરવું તે નિર્જરા છેઃ**–શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયે એકાગ્ર થતાં શુદ્ધતા વધવી ને અશુદ્ધતા ટળવી તથા કર્મ ખરી જવા તેનું નામ નિર્જરા છે. એકાકાર અભેદ દ્રવ્યની દૃષ્ટિ રાખીને આ બધી ભાવનાનું વર્ણન છે. જુઓ, આ બાર ભાવનામાં પણ અલૌકિક વીતરાગતા છે.

મહા અલૌકિક અધ્યાત્મ શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર ને પંચાસ્તિકાયના વાંચન પછી આ બાર ભાવનાનું શાસ્ત્ર વંચાય છે તેમાં સંધિ છે. જેને બાર ભાવના રુચતિ નથી તેને ખરેખર અધ્યાત્મનું ભાન નથી. તીર્થંકરો પણ આ બાર ભાવના ભાવે છે. જ્યાં અંતરના અખંડ સ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં આવી વૈરાગ્ય ભાવનાઓ હોય છે. તેમ જ ભૂમિકાનુસાર પૂજા–ભક્તિ–સ્વાધ્યાય વગેરેનો શુભભાવ પણ હોય છે. તે શુભરાગને ધર્મ નથી માનતા પણ ભક્તિ વગેરેનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. જે ભૂમિકાએ જે દશા હોય તેનો વિવેક હોવો જોઈએ.

નિત્ય ચૈતન્યસ્વભાવની ભાવનાપૂર્વક શુદ્ધિની વૃદ્ધિ થાય અને કર્મ ખરે તેને નિર્જરા કહે છે. સામાન્યપણે કર્મના પરમાણુઓ તો બધાય જીવોને સમયે સમયે ખરે છે. તે વિપાક નિર્જરા છે, તેમાં કાંઈ ધર્મ નથી. દ્રવ્યલિંગી સાધુ પુણ્યમાં ધર્મ માનતો હોય તેને પણ પૂર્વના કર્મો ખરે છે, પણ સાથે મિથ્યાત્વના અનંત કર્મો નવા બંધાય છે તેને ખરેખર નિર્જરા ન કહેવાય.

**૧૦. છ દ્રવ્યનો સમુદાય તે લોક છેઃ**— હું છએ દ્રવ્યોનો જ્ઞાતા છું એમ જ્ઞાનની ભાવનાપૂર્વક છ દ્રવ્યને જાણવા તે લોક ભાવના છે.

**૧૧. અતિ દુર્લભતાથી જેની પ્રાપ્તિ થાય તે બોધિદુર્લભ છેઃ**—આ જગતમાં જીવને બોધિ જ મહા દુર્લભ છે. બોધિ એટલે સાચી સમજણ. તે જીવને અનંતકાળમાં મહા દુર્લભ છે. જુઓ સમ્યગ્દૃષ્ટિ આવી સમ્યગ્દર્શનાદિની દુર્લભતાની ભાવના કરે છે.

સ્વર્ગાદિનો ભવ પામવો તે કાંઈ ખરેખર દુર્લભ નથી, તે તો અનંતવાર મળી ગયો પણ ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–રમણતા તે જ જીવને ખરેખર દુર્લભ છે.

**૧૨. સંસારથી જીવનો ઉદ્ધાર કરે તેનું નામ ધર્મ છેઃ**—વસ્તુસ્વરૂપ તે ધર્મ છે. ચૈતન્યસ્વરૂપનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં જીવને જન્મ–મરણનો અભાવ થઈને ધર્મ ભાવના સાથે મુક્તદશા થઈ જાય છે; આવી ધર્મ ભાવના છે.

આ પ્રમાણે બાર ભાવના ટૂંકામાં વર્ણવી. હવે એકેક ભાવના વિસ્તારથી વર્ણવે છેઃ—

## १. अध्रुव अनुप्रेक्षा

यत्किमपि उत्पन्नं तस्य विनाशो भवति नियमेन।
परिणामस्वरूपेण अपिन च किं अपि शाश्वतं अस्ति ॥ ४ ॥

**અર્થ:—જે કાંઈ ઉત્પન્ન થયું તેનો નિયમથી નાશ થાય છે અર્થાત્ પરિણામસ્વરૂપથી તો કોઈપણ (વસ્તુ) શાશ્વત નથી.**

જુઓ, આ વૈરાગ્યની ભાવના છે. સમયસારમાં પણ વૈરાગ્ય ભેગો જ છે. ત્યાં કહ્યું છે કે સમ્યગ્જ્ઞાન સાથે વૈરાગ્ય પણ ભેગો જ છે. જેટલો સ્વરૂપમાં ઠર્યો તેટલો પર દ્રવ્યથી વિરક્ત થયો, તેનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય ભાવનાઓ ચૈતન્યને આનંદની જનેતા છે. અનાકુળ આનંદનો કંદ આત્મા છે, તેની ભાવનામાં વીતરાગી આનંદની શાંતિ ઉત્પન્ન થાય છે. એકલો શુભરાગ થાય તે કાંઈ આનંદદાયક નથી. આ ભાવનાઓ ભવ્ય જીવોને **આનંદની જનની** છે. એ વાત દરેક ભાવનામાં લાગુ પાડવી. દ્રવ્યને લક્ષમાં રાખીને આવી ભાવના ભાવે તેને આનંદ અને શાંતિ પ્રગટે છે. એકલી પર્યાયની ભાવનામાં આનંદ નથી. મારો આત્મા જ પરમાનંદસ્વભાવથી નિત્ય છે. એ સિવાય બીજા કોઈ સંયોગો નિત્ય રહેનારા નથી. જુઓ ભાઈ! આવા સ્વભાવની વૈરાગ્ય ભાવના પણ અનંતકાળમાં દુર્લભ છે. આવી ભાવના ભાવવા જેવી છે. અજ્ઞાનીઓ સંસારની અને વિકારની ભાવના ભાવે છે, તેમાં કાંઈ શાંતિ નથી.

ભગવાન શ્રી તીર્થંકરદેવ માતાના પેટમાં આવે ત્યારે પણ સમ્યગ્દર્શન સહિત હોય છે ને નિત્યાનંદ સ્વભાવની જેટલી ભાવના છે તેટલી સમાધિ તે વખતે પણ વર્તે છે. સમાધિમરણ થાય તેમાં વિશેષ શાંતિ હોય છે. ઉત્તમાર્થ પ્રતિક્રમણ વગેરે સહિત આનંદકંદ આત્મામાં ઝૂલતાં ઝૂલતાં સમાધિમરણ થાય તેમાં ઘણી શાંતિ હોય છે પણ તેવો "સમાધિજન્મ" ન થાય. જન્મ વખતે સમ્યગ્દર્શન પૂરતી સમાધિ હોય પણ ચારિત્રદશાની સમાધિ ન હોય. અંદરમાં ચિદાનંદસ્વભાવની ભાવના ભાવતાં સમાધિ મરણે દેહ છૂટે છે.

જુઓ, અહીં અનિત્ય ભાવનામાં વસ્તુસ્વરૂપ વર્ણવે છે.

દરેક વસ્તુ સામાન્ય વિશેષ સ્વરૂપ છે. પરિણામ સ્વરૂપે કાંઈ ધ્રુવ નથી. વસ્તુના પરિણામ ક્ષણે ક્ષણે પલટી જાય છે. વસ્તુ સામાન્યપણે ધ્રુવ ટકે છે પણ તેના પરિણામ અધ્રુવ છે. શરીર આદિનો સંયોગ તો અધ્રુવ છે ને કેવળજ્ઞાન પણ અધ્રુવ છે. આમ જાણીને તે અધ્રુવની ભાવના છોડીને ધ્રુવ એવા ચિદાનંદસ્વભાવની ભાવના કરવી તે ખરી અધ્રુવ ભાવના છે.

જે પરમાણુ દૂધ અને ભાતપણે હતા તે જ પલટીને આ શરીરરૂપે થયા છે. ત્યાં તેની પર્યાય પલટી ગઈ પણ તે પરમાણુઓ તો કાયમ રહ્યા છે. હાર પલટીને કુંડળ થયાં ત્યાં સોનાની અવસ્થા પલટી પણ સોનું તો કાયમ છે. પાણી કાયમ રહીને તેમાં

તરંગ ઊઠે છે; તેમ આત્મા સામાન્ય સ્વભાવે કાયમ રહે છે ને તેના વિચારો ક્ષણે ક્ષણે પલટે છે તે અધ્રુવતા છે.

દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ છે. તેમાં એકરૂપ રહેનારું દ્રવ્ય તે સામાન્ય છે ને ગુણ-પર્યાયો તે વિશેષ છે. દ્રવ્ય અને ગુણ નિત્ય ધ્રુવ છે ને તેની પર્યાય પલટતી અધ્રુવ છે. પદાર્થોની પર્યાય ક્ષણે ક્ષણે પલટી જાય છે તો હું કોના ઉપર મોહ કરું ? આમ જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના કરે છે. પર જીવની અવસ્થાને હું ટકાવી રાખું એમ તો નથી પણ તેના પોતાથી પણ પોતાની અવસ્થા કાયમ ટકતી નથી. પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે ક્ષણે ક્ષણે પલટી જાય છે ત્યાં પર્યાય બુદ્ધિવાળો અજ્ઞાની જીવ ક્ષણિક પર્યાયને ઊપજતી-વિનશતી દેખીને હર્ષ-શોક કરે છે ને તે પર્યાયને નિત્ય રાખવા માગે છે. જગતમાં પદાર્થોના પર્યાયનું રૂપાંતર તો થયા જ કરે છે ત્યાં જો ત્રિકાળ રહેનારી નિત્ય વસ્તુને જાણે તો પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ ન થાય. પુત્રનો જન્મ થતા હર્ષ અને મૃત્યુ થતાં શોક. વસ્ત્ર નવા આવે ત્યારે હર્ષ ને વસ્ત્ર બળી જાય ત્યાં શોક. એમ અજ્ઞાની પર્યાયને દેખીને હર્ષ-શોક કરે છે પણ નિત્ય ધ્રુવ રહેનારી વસ્તુને દેખતો નથી. જો નિત્ય ધ્રુવ વસ્તુને દેખે તો પર્યાયને ઊપજતી-વિણસતી દેખીને પર્યાયબુદ્ધિના રાગ-દ્વેષ થાય નહિ.

પહેલાં શરીરમાં ફાટફાટ જુવાની હોય ને વૃદ્ધાવસ્થા થતાં કેડ વળી જાય. એમ ક્ષણમાં પર્યાય પલટી જાય છે. એકવાર કેડથી વળી ગયેલી એક ડોશી ચાલી જતી હતી, ત્યાં એક જુવાને તેને મશ્કરીમાં પૂછ્યું : ડોશીમાં શું ગોતો છો? ડોશીમાં કહે, બેટા! જુવાની ક્યાં ગઈ તે ગોતું છું, એટલે કે તારી આ જુવાની કાયમ નહિ રહે, ક્ષણમાં પલટી જશે માટે એનું અભિમાન છોડ. નિત્ય એકરૂપ રહેનારો તો જ્ઞાનાનંદ આત્મા છે તે જ ધ્રુવરૂપ છે. આવા ભાનપૂર્વક પર્યાયને અધ્રુવપણે ભાવે-તે અધ્રુવ ભાવના છે. અજ્ઞાની જીવ પર્યાયને નિત્ય રાખવા માગે છે. તેથી પર્યાય પલટતાં તે અજ્ઞાનથી આકુળ-વ્યાકુળ થાય છે. જો શાશ્વત દ્રવ્યના ભાનપૂર્વક અધ્રુવ ભાવના ભાવે તો પર્યાય પલટતાં આકુળતા થાય નહિ માટે કહે છે કે આ અધ્રુવભાવના ભાવવા જેવી છે. કઈ રીતે અધ્રુવભાવના ભાવવી તે હવે કહેશે.

-oo-

(-ક્રમશઃ)

અજ્ઞાની સુખને ઇચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી, જ્ઞાન નથી, તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ, માટે સુખી થવા ઇચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. —પૂજ્ય ગુરુદેવ

# પુણ્ય-પાપથી ભિન્ન આત્મતત્ત્વને જાણ

[ શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(પ્રવચન ત્રીજું)

"આત્માના ભાન વિના શુભાશુભ ભાવો કરી અનંતા ભવો કર્યા."

આ આત્મા અનાદિથી પરિભ્રમણ કરે છે. તેની રુચિ છોડી આત્માનું કલ્યાણ કેમ થાય તેની વાત ચાલે છે. આ દેહમાં બિરાજતા આત્માનું એંધાણ શું તે આ અધ્યાયમાં વર્ણવે છે. આત્માને જાણ્યા વિના શુભ-અશુભ ભાવ કરે છે તે તીવ્ર વિકાર છે. જીવે આત્માનું ચિહ્ન જાણ્યું નથી. અનંતા ભવો કર્યા પણ આત્મા જાણ્યો નથી. મનુષ્યદેહ મળ્યો તેમાં આત્મતત્ત્વ ન જાણ્યું તો શું કામનું? "જ્યાં લગી આત્મતત્ત્વ ચિહ્નયો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી." જપ કરે, તપ કરે ને ઉપવાસ કરે એ બધાં એકડા વિનાના મીંડા સમાન છે. "અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા." પોતાની ચીજ જ્ઞાન અને આનંદનો કંદ છે. ભરવાડને ચિંતામણિરત્નની કિંમત નથી. તેથી તેમાં કાણું પાડી કાને બાંધે, કેમ કે તેને કિંમત નથી. તેમ અજ્ઞાનીને ચૈતન્યરત્નની કિંમત નથી.

આ વાત બીજી છે. દેહથી ભિન્ન આત્માનું મૂળ સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે તેની પીછાણ અનાદિ કાળથી કરી નથી. સંસારમાં હિંસા આદિના પરિણામ કરી નરક ને તિર્યંચ ગતિમાં જાય અથવા શુભભાવ કરે તો દેવગતિમાં જાય પણ પુણ્ય-પાપ રહિત આત્માનું ભાન ન કર્યું તો પુણ્ય-પાપ બંને મીંડા છે. પ્રથમ તો જીવ દુકાન અથવા પોત-પોતાના ધંધા આડે નવરો થતો નથી. આત્મા દુઃખાય એટલે ક્રોધ, માન, માયા, લોભના પરિણામ કરે છે. દુઃખ + આય = એટલે સંસારમાં રખડવાનો લાભ મળે. દયા, દાન, ભક્તિ વગેરે કષાય છે. પુણ્યથી અનુકુળતા મળે ને પાપથી પ્રતિકૂળતા મળે પણ પુણ્ય-પાપથી આત્મા જુદો છે તેનું લક્ષણ જાણ્યું નથી. પુણ્યના ફળમાં પૈસા, આબરું ને દેવગતિ મળે છે. એવા દેવના ભવ અનંતવાર મળ્યા છે. કોઈ દેવ સહાય કરે છે એવી વાત સાંભળે તો રાજી રાજી થાય છે પણ ભાઈ તારી વાત તેં કદી સાંભળી નથી. પાપના ભાવ કર્યા તેથી નરક ને નિર્ધનતા મળ્યા ને પુણ્યના ભાવ કર્યા તેથી સ્વર્ગ ને સધનતા મળ્યા. રાજા રંક આદિના ભવ ઘણાં કર્યા.

આ શરીર છૂટવાથી બધી ચીજો છૂટી જાય છે પણ સાથે આવતી નથી. પોતાના પરિણામ સાથે લઈને જાય છે. તીવ્ર પાપના ભાવ કરનાર અને માંસ ખાવાના તથા

શિકારના ભાવ કરનારા નરકમાં જાય છે અથવા ઢોર ગતિ મળે છે. અથવા શુભભાવ કરે તો દેવગતિ મળે છે. પાપ ન હોય તો પુણ્યના ભાવ હોય પણ પુણ્ય-પાપથી રહિત આત્મા જાણ્યો નથી. બૈરા-છોકરાનાં સંયોગવાળા ભવ અનંત કર્યા અને બૈરા-છોકરાના ત્યાગ કરી ત્યાગીના ભવ અનંત કર્યા પણ મલિનભાવથી પાર જ્ઞાનાનંદ-જ્યોત આત્માની વાત સત્સમાગમે કદિ સાંભળી નથી.

"આત્માના સ્વરૂપની યથાર્થ વાત જ્ઞાની પાસે મળે પણ અજ્ઞાની પાસે ન મળે."

માવો અથવા પેંડા લેવા હોય તો કંદોઈની દુકાને જવું જોઈએ, અફીણની દુકાને પેંડા ન મળે. તેમ આ વાત જ્ઞાની પાસે મળે. પણ અજ્ઞાની પાસે ન મળે. શાસ્ત્રકાર કહે છે કે આત્માની વાત જાણીને ઠરવા માગીએ છીએ. અમારી પાસે આ વાત છે. હીરો જોઈતો હોય તો કુંભાર પાસે ન મળે, પણ ઝવેરી પાસે મળે. તેમ સર્વજ્ઞ ભગવાન કહે છે કે ભાઈ! તેં પુણ્ય-પાપની આંટમાં ગોટવાઈને આત્માનું સ્મરણ કર્યું નથી. તેં અનંતવાર ત્યાગ કર્યા પણ તે નકામું છે. પ્રથમ ભ્રાંતિના ત્યાગ વિના સાચો ત્યાગ થઈ ન શકે.

"અશરીરી સિદ્ધ ભગવાન તારા માટે આદર્શ છે."

જેવું ચિત્ર હોય તેવું અરીસો બતાવે છે. અહીં બીજી ગાથામાં સિદ્ધનું સ્વરૂપ બતાવે છે. પુણ્ય-પાપનું લક્ષ છોડી ચિદાનંદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી સિદ્ધદશા થઈ તે પરમાત્મા છે, તે શરીર કર્મ ને વિકારથી રહિત છે. તે કોઈની દયા ખાતા નથી. તે રાગથી મુક્ત થયા છે. પ્રથમ આત્માના મુક્તપણાની શ્રદ્ધા જ્ઞાન કરેલ હતા પછી લીનતા કરીને સિદ્ધ દશા પામ્યા તે સિદ્ધ ભગવાન તારા માટે આદર્શ છે. અનંતવાર અવતાર કર્યા ને પુણ્ય-પાપના ભાવ કરી ચૂક્યો પણ આ આદર્શ સેવ્યો નથી.

"પાંચ-પચાસ વરસની વાત એક સેકન્ડમાં યાદ આવે એવી સ્મૃતિની સમૃદ્ધિ તારામાં પડી છે."

આત્મા પાંચ-પચાસ વરસની યાદ કરી શકે છે. ચોપડાના નામાની વાત યાદ રહે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. પચાસ વરસની વાત યાદ કરવા માટે પચાસ વરસની જરૂર પડતી નથી. એક દિવસની વાત કરતાં એક સેકન્ડ ને પચાસ દિવસની વાત કરતા પચાસ-સેકન્ડ લાગે એમ નથી. પાંચ પચાસ વરસની વાત યાદ કરી શકે છે. પોતે યાદ કરતા કરતા નાનપણને યાદ લાવી શકે છે. આ ભવ પહેલાં હું ક્યાં હતો તે ભવનું જ્ઞાન થઈ શકે છે. અહીં આત્માનું લક્ષણ જ્ઞાન બતાવે છે. કોઈ વૃદ્ધ પુરુષે એંશી વરસની ઉંમરમાં સીતેર વરસની વાત યાદી આવી કારણ કે તે જ્ઞાનસ્વભાવી આત્મા છે. તે જ્ઞાનની તાકાત શરીરમાં છે? પુણ્ય-

પાપમાં છે? શરીર જડ છે ને પુણ્ય-પાપ ચાલ્યા જાય છે માટે તેમાં તે તાકાત નથી પણ જ્ઞાનમાં તાકાત છે. હવે બીજો કોઈ વીસ વરસના દેહવાળો આત્મા હોય તો તેનામાં પણ સીત્તેર વરસની વાત યાદ કરવાની તાકાત રહેલી છે. અહીં ન્યાય આપવામાં આવે છે. બહારની ક્રિયાકાંડથી પત્તો મળે તેમ નથી, પોતાને ભૂલીને હેરાન થઈ ગયો છે. વીસ વરસનો જુવાન આ ભવની ૧૫ વરસની યાદ કરે છે, બાકીના પૂર્વ ભવની વાત યાદ કરી શકે છે. એક આત્મા ૭૦ વરસની વાત યાદ કરી શકે છે. આમ કહી જ્ઞાન-લક્ષણ બતાવવું છે. જ્ઞાન રાગમાં એકાગ્ર થાય છે તેમ ન કરતા, જ્ઞાનમાં એકાગ્ર થાય તો જ્ઞાન સમૃદ્ધિનો ખ્યાલ આવી શકે છે.

"આત્મા પુણ્ય-પાપના ધૂમાડા વિનાનો જ્ઞાનપ્રકાશનો પુંજ છે."

એક ઓરડામાં હજાર બત્તી છે. તેનો દરેકનો પ્રકાશ જુદો જુદો છે, કોઈનો પ્રકાશ કોઈમાં ભળી શકતો નથી. હજાર ને લાખ બત્તીમાં દરેકનો પ્રકાશ ભિન્ન ભિન્ન છે. તેમ શરીર મન વાણી પુદ્ગલ છે. પુણ્ય-પાપ બંને ધૂમાડા છે. હિંસા જૂઠું પાપ ધૂમાડો છે ને દયા, દાન, પુણ્ય ધૂમાડો છે તે બંને વિનાનું જ્ઞાન છે. વીસ વરસનો જુવાન ૭૦ વરસની વાત યાદ કરવા માંડે તો આગલાં ભવનું યાદ કરી શકે છે. અહીં જ્ઞાન લક્ષણ બતાવવું છે. રાગ વિનાનો આત્મા શું ચીજ છે. તેની પીંછાણ વિના મુક્તિના ભણકાર વાગે નહિ.

લીંડીપીપરના કરોડ દાણા હોય તોપણ દરેક દાણામાં ચોસઠ પહોરી શક્તિ રહેલી છે. તેમ દરેક આત્મામાં જ્ઞાનશક્તિ ભરેલ છે. તેમાં સ્મૃતિની સમૃદ્ધિ ભરેલી છે. તે ચૈતન્યબિંબ છે. સાકરનાં રમકડાં—પ્યાલા ને સાયકલ બનાવે છે. તેના ચોકઠા બનાવે છે. તેમ શરીરના હાડકા ચોકઠા સમાન છે તે ચોકઠા છોડી દો, તો તો જ્ઞાન ને આનંદનું ચોસલું છે. આત્મા જાણનાર છે એમ દષ્ટિ કરે તો શરીરના ચોકઠાથી જુદો ખ્યાલ આવે. સાકરમાં જરા મેલ ચોટયો હોય તો તે સાકર નથી, મેલ છે.

"આત્મા જ્ઞાન ને આનંદની મીઠાશથી ભરેલો છે"

નાળિયેરની અંદર સફેદ ને મીઠો ગોળો છે, ઉપર રાતડનો ભાગ છે, તેના ઉપર કાચલી છે ને સૌથી ઉપર છાલા છે. તેમ આત્મા સાથે રહેલું શરીર છાલા સમાન છે. કર્મો બંધાય છે તે કાચલી સમાન છે. પુણ્ય-પાપના વિકાર કરે તે કાચલી તરફની રાતડ છે. તે વિનાનો આત્મા સફેદ ટોપરા સમાન છે. તેં તારા જ્ઞાન ધર્મને ઓળખ્યો નથી. શરીર છાલા છે. તેમાંથી તારો રસ મળે તેમ નથી. આઠ કર્મ અથવા પ્રારબ્ધ કાચલી સમાન છે. કામ-ક્રોધ ને દયા-દાનાદિ વિકલ્પો ચૈતન્યની જાત નથી, રાતડ સમાન છે. અંદર રહેલો આત્મા ટોપરા સમાન છે, તેની અંદર જ્ઞાન ને આનંદની મીઠાશ ભરેલી છે, તેની ઓળખાણ કર.

આ આત્મા ભગવાન છે. તેની ઓળખાણ કરે તો ધર્મ થાય. ખીચડી ઊની ઊની ઊતરે ત્યારે કાળી વરાળ નીકળે છે, તે જરા ઠંડી થતાં ધોળી વરાળ નીકળે છે. કાળી કે ધોળી વરાળ ખીચડી નથી, બંને ઉપાધિનો ભાવ છે. તેમ આત્મા શરીર મન વાણીના હાંડલાથી જુદો છે.

હિંસા, જૂઠું, ચોરીના પાપના ભાવ કાળી વરાળ સમાન છે, ને પુણ્ય-દયા-દાનાદિના ભાવ ધોળી વરાળ સમાન છે. બંનેથી રહિત જ્ઞાનાનંદ આત્મા છે, પુણ્ય-પાપને જાણનાર આત્મા છે.

"પૂર્વના શુભાશુભ ભાવો નાશ થયા છે છતાં તેને યાદ
કરનાર જ્ઞાન છે, માટે જ્ઞાન જ આત્માનું લક્ષણ છે."

કોઈ જીવને પૂર્વે પૈસા મળ્યા હોય ને સારું શરીર મળ્યું હોય તે વખતે જે પાપના ભાવ કર્યા હોય તે પાપના ભાવ વર્તમાનમાં યાદ આવે છે. જુવાનીમાં પાપના ભાવનો એંશી વરસની ઉંમરે ઓરતો કરે છે. એંશી વરસની ઉંમરે પાપ કરતો નથી પણ પચાસ વરસ પહેલાના પાપ રાગનું જ્ઞાન કરી શકે છે. અરેરે! આવા પાપના ભાવ મેં કર્યા! પાપની યાદગીરી આવી પણ તેવો પાપ ભાવ થતો નથી, તે તાકાત પોતાના જ્ઞાનની છે.

અનંતકાળમાં સાચો સમાગમ મળતો નથી. કદાચિત્ મળે તો જ્ઞાની શું કહેવા માગે છે તે પોતામાં ઉતારતો નથી. હવે પૂર્વે શુભ ભાવ કર્યા હોય તેને યાદ કરે છે. પચાસ વરસ પહેલાના દાનની વાત યાદ કરે છે માટે જ્ઞાન જ મારું લક્ષણ છે. કેમકે વિકારનો નાશ થાય છે. પણ વિકારના જ્ઞાનનો નાશ થતો નથી. માટે જ્ઞાન આત્માનું લક્ષણ છે, શરીર ને વિકાર મારું લક્ષણ નથી.

"આત્મભ્રાંતિ ને વિકાર ટાળીને સિદ્ધમાં જ્ઞાન ને
આનંદ રહી ગયા તેવો તારો આત્મા છે."

"આત્મભ્રાંતિ સમરોગ નહિ સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન."

આત્મભ્રાંતિ સિવાય રોગ નથી. વૈદ્ય સુજાણ લીધો, ઊંટ વૈદ્ય ન લીધો. એક ઊંટને ચીભડું ગળે અટકી ગયું તેથી એક વૈદ્યે તેને ગળા ઉપર લાત મારી તેથી નીચે ઉતરી ગયું ને સાજો થઈ ગયો ને તે ઉપરથી તે જ વૈદ્યે રતવા થયેલી વૃદ્ધ ડોસીને સાજી કરવા પાટુ માર્યું તેથી ડોસી મરી ગઈ. પણ ભાઈ બધાને એક દવા ન હોય. વૈદકનો સુજાણ હોવો જોઈએ. તેવી રીતે પોતાના આત્માનું ભાન નથી તે બીજાને સાચો બોધ આપી શકે નહિ.

શરીર ને વિકાર મારા છે એ આત્મભ્રાંતિ છે. તે આત્માના ભાન દ્વારા ટળી શકે છે. જેમ સિદ્ધ ભગવાનને વિકાર ને શરીર છૂટી ગયા અને જ્ઞાન ને આનંદ રહી ગયા, તેમ મારામાં વિકાર ને શરીર છૂટી શકે છે. મારામાં જ્ઞાન ને આનંદ ભરેલા છે. હું બધાનો જાણનાર દેખનાર છું. તે બધા જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. હું પરનો કરનાર હરનાર નથી. દરેક પદાર્થનું રૂપાંતર પોતપોતાના કારણે થઈ રહેલું છે. તેનો જાણનાર છું. જેવા સિદ્ધ ભગવાન છે, તેવો મારો આત્મા છે તેમ તું જાણ એમ અહીં કહેવાનો ભાવ છે.

હવે અર્હન્ત ભગવાનની ગાથા કહે છેઃ—

अर्थान यथास्थितान् सर्वान् समं जानति पश्यति ।
निराकुलो गुणी योडसौ शुद्ध चिद्रूप उच्यते ।।३।।

"જ્ઞાન શક્તિનો ભરોસો કરીને રાગ-દ્વેષરૂપી શત્રુનો નાશ કરે ને વીતરાગી સર્વજ્ઞ દશા પ્રગટ કરે તે અર્હન્ત છે."

અર્હન્ત ભગવાન લોકાલોકને જાણે છે. આ આત્મા અનાદિનો છે. કોઈ દિવસ ભવ વિનાનો ન હતો. જ્યાં જ્યાં રહ્યો ત્યાં જેમ વર્તમાન જાણે છે તેમ ત્યારે શરીરાદિને જાણતો હતો. જ્યાં જ્યાં હતો ત્યાં તે ભવના વસ્તુઓ ક્ષેત્ર કાળ આદિ મર્યાદામાં જાણતો હતો. જ્ઞાનસ્વરૂપી આત્માનું ભાન કરી અંતરમાં એકાગ્ર થાય તો અર્હન્ત દશાને પામે છે. વિકારરૂપી શત્રુને નાશ કરી વીતરાગી સર્વજ્ઞ દશા પ્રગટ કરી તે અર્હન્ત છે. પ્રથમ પોતાની જ્ઞાન શક્તિનો ભરોસો આવવો જોઈએ. ૮૦ વરસની વાત યાદ કરનાર આત્મા છે તેમ અનંતા ભવોની વાત યાદ કરનાર આત્મા છે. એવી જ્ઞાન શક્તિનો ભરોસો કરી એકાગ્ર થાય ને સર્વજ્ઞ દશા પ્રગટ કરે તે અર્હન્ત ભગવાન છે. આ સદેહી પરમાત્મા છે. આ ભગવાન એક સમયમાં બધા પદાર્થો જાણી લે છે. આ આત્મા પૂર્ણ પદને પામી શકે છે. ભગવાન જેમ છે તેમ જાણે છે પરંતુ કાંઈ કરે નહિ. તેમને ૐ ધ્વનિ હોય છે. તેમના સમવસરણમાં બાર સભા હોય છે. સૌ પોત-પોતાની યોગ્યતા મુજબ સમજે છે. ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને રાગ રહિત જાણી લે તેવી તાકાત આત્મામાં છે.

"ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને જાણવાથી ઉપાધિ થતી નથી પણ રાગ રહિતપણે જાણે છે."

વળી આટલું બધું જાણવાથી આકુળતા થતી હશે? ના, જાણવાથી આકુળતા થતી નથી. એટલા માટે निराकुल શબ્દ વાપરેલ છે. આમ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. પછી સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. ચારિત્ર દશા થયા પછી અર્હન્ત દશા થાય છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવા છતાં આકુળતા નથી. અજ્ઞાની રાગ કરે છે

તેને રાગની ઉપાધિ છે પણ પુણ્ય-પાપ મારા નથી એમ નિર્ણય કરનાર આત્મ-ભ્રાન્તિથી મુક્ત થાય છે. રાગ મારું કર્તવ્ય છે—એમ જ્ઞાની માનતો નથી પણ જ્ઞાન મારું કર્તવ્ય છે એમ જ્ઞાની જાણે છે. પછી વીતરાગદશા થયા પછી પૂર્ણદશા થાય છે. કેવળજ્ઞાન પ્રગટ કરવું તે ઉપાધિ નથી. પીપરની ચોસઠ પહોરી તાકાત પ્રગટવી તે તેનો સ્વભાવ છે એમ પૂર્ણ જ્ઞાન પ્રગટવું તે પોતાનો સ્વભાવ છે. આમ અર્હન્ત ભગવાન નિરાકુલ છે પણ આકુલીત નથી.

"અર્હન્ત જ્ઞાન અને આનંદ સાથે એકમેક થઇને અભેદપણે ભોગવે છે."

અંધારામાં સોનું વિષ્ટા ને કોલસાનો ભેદ પડતો નથી. તેમ અજ્ઞાનરૂપી અંધારામાં જ્ઞાન પુણ્ય ને પાપ બધું એક લાગે છે પણ પ્રથકતા લાગતી નથી. જ્ઞાનરૂપી અજવાળામાં પ્રથકતાનું ભાન થાય છે પુણ્ય-પાપ આકુળતા છે. તે આકુળતા ટળી સર્વજ્ઞતા પ્રગટે છે માટે નિરાકુલ કહ્યો. વળી ગુણી કહ્યો એટલે કે જ્ઞાન ને આનંદ દશારૂપ સર્વજ્ઞનો આત્મા છે, જ્ઞાન ને આનંદથી આત્મા એકમેક છે, જુદો નથી. આવા આત્માની ઓળખાણ કરવી જોઈએ. આવા અર્હન્ત ભગવાનને શુદ્ધ ચિદ્રૂપ કહીએ છીએ. પ્રથમ વિકારને એકમેક માની દુઃખ ભોગવતા હતા. તે ભ્રાન્તિ ટળીને સર્વજ્ઞ દશા પામી સુખ તથા આનંદ સાથે એકમેક થઈને ભોગવે છે. આમ ત્રીજા શ્લોકમાં અર્હન્ત ભગવાનને નમસ્કાર કર્યા છે.

"લોકાગ્રે રહેલાં સિદ્ધ નીચે આવતા નથી પણ
પોતાના જ્ઞાન અરીસામાં આવી શકે છે."

સાધક જીવો અર્હન્તને નમસ્કાર શા માટે કરે છે? સાધકનો આત્મા મુક્તિની તૈયારી કરે, ત્યારે અર્હન્ત ભગવાનને યાદ કરે છે કે હે નાથ! જે પદને તમો પામ્યા તે પદને હું યાદ કરું છું, હું તે પદને પામવાનો છું. રામચંદ્રજી નાની ઉંમરમાં અગાસીમાં ચંદ્રમાને નીચે લાવવા માગતા હતા તેથી રોવા માંડયા. રાજાએ શાંત પાડવાનું દિવાનને કામ સોંપ્યું. દિવાન સમજી ગયા કે રામચંદ્રજી ચંદ્રમા નીચે લાવવા માગે છે તેથી અરીસાથી ચંદ્રમાનું પ્રતિબિંબ બતાવ્યું અને રામચંદ્રજી રાજી થઈ ગયા.

તેમ આત્માનું પૂર્ણ સ્વરૂપ સિદ્ધ છે. તે ઊર્ધ્વલોકે બિરાજે છે તે હેઠે નહિ આવે પણ તેને નીચે લાવવા હોય તેણે પોતાના જ્ઞાન અરીસામાં પોતે સિદ્ધ જેવો છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા જોઈએ.

(-ક્રમશઃ)

—o—

# હે પરમાત્મા! આપના હોતાં હું અન્યને કેમ પૂજું?

[ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન પહેલું ]

[ પ્રથમ ગ્રંથના આદિમાં શ્રીમદ્ ભગવંત કુંદકુંદાચાર્યદેવ વિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ 'નિયમસાર' નામના શાસ્ત્રની 'તાત્પર્યવૃત્તિ' નામની સંસ્કૃત ટીકા રચનાર મુનિ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો દ્વારા મંગળાચરણ વગેરે કરે છે. ]

[ શ્લોકાર્થ:-] **હે પરમાત્મા! તું હોતા હું મારા જેવા (સંસારીઓ જેવા) મોહમુગ્ધ અને કામવશ બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું? (ન જ પૂજું.) જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું-તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો, સુગત કહો, ગિરિધર કહો, વાગીશ્વર કહો કે શિવ કહો. ૧.**

આ નિયમસારમાં કેટલુંક વર્ણન તો સમયસાર કરતાં પણ ચડી જાય તેવું છે. ટીકામાં પદ્મપ્રભમલધારિદેવે કારણ શુદ્ધ પર્યાય વગેરેનું અલૌકિક અપૂર્વ વર્ણન કર્યું છે.

ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય નથી પણ મુનિ છે છતાં ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યાં છે અંતરમાં આત્મપદાર્થને સ્પર્શીને આ અલૌકિક વાત નીકળી છે. જે પાત્ર હોય તેને તે સમજાય તેવી છે.

મંગળાચરણમાં કહે છે કે હે પરમાત્મા! હે સર્વજ્ઞ જિન! આપ આ જગતમાં હોતાં હું મારા જેવા મોહમુગ્ધ અને કામવશ બુધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?

"મારા જેવા" એટલે સંસારી જેવા; સર્વ પ્રકારે કાંઈ પોતાના જેવા નથી. કેમકે પોતે તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિ છે ને જેની વાત કરવી છે તે તો મિથ્યાદષ્ટિ છે. જેઓ આત્મસ્વરૂપને વશ નથી તેઓ કામને વશ વર્તે છે. ભલે બહારમાં સ્ત્રી આદિ છોડી હોય તોપણ જે આત્માને વશ નથી તે કામને જ વશ છે. મોહમુગ્ધ અને કામવશ-એમાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યા ચારિત્રની વાત કરી છે. જે રાગને કે નિમિત્તને સારા કહે છે, ચૈતન્યની પૂર્ણતાની પ્રતીત કરતા નથી તે બધા ભલે દેવ નામ ધરાવે તોપણ તે મોહમુગ્ધ અને કામને વશ છે, તે પૂજ્ય નથી.

અંતરમાં પરમાત્મસ્વભાવનું જેને ભાન નથી ને જે મોહમુગ્ધ છે એવા લૌકિક બ્રહ્મા-વિષ્ણુ કે મહેશને હું કેમ પૂજું? હે નાથ! આપે જ ભવોને જીત્યાં છે,

અંતરમાં ચૈતન્યના પરમાત્મસ્વભાવનું ભાન કરીને જેણે ભવોને જીતી લીધા છે એવા પરમાત્મા જ પૂજ્ય છે.

હે નાથ! ભવ તો એક સમય પૂરતો વિકૃતભાવ હતો ને ધ્રુવ સ્વભાવનું ભાન કરીને આપે તે ભવના બીજનો નાશ કર્યો ને ભવના અભાવનો ભાવ પ્રગટ કર્યો છે તેથી આપ જ અમારા પૂજ્ય છો. મોક્ષ થયા પછી પણ ફરીથી જગતનો ઉદ્ધાર કરવા માટે અવતરવું પડે—એમ જે માને તેણે ખરેખર ભવોને જીત્યા જ નથી. મારા પૂર્ણ સ્વભાવની પ્રતીત અને આદર કરનારો એવો જે હું તે, જેને પૂર્ણ પરમાત્મદશા પ્રગટી છે એવા પરમાત્માને જ આદરું છું. ભવરહિત જે નિરપેક્ષ આત્મસ્વભાવ છે તેની જેને ખબર નથી તેવાને હું વંદતો નથી. હું ભવને જીતવાના માર્ગે ચાલનારો છું, ભવના અભાવરૂપ સ્વભાવનું મને ભાન થયું છે. અમારે હવે વિશેષ ભવ રહ્યા નથી. એકાદ ભવ હોય તે ટળવા માટે છે,–તેથી જેણે ભવોને જીત્યા છે તેને જ હું નમું છું.

જેને એક પણ શુભરાગનો આદર છે તેને અનંતા ભવનો આદર છે. જેને સ્વભાવનું બહુમાન છે તેને ભવનો કે રાગનો આદર નથી. અહો! જેના સ્વભાવમાંથી ભવ ગયો તે ગયો, પછી ફરીને અવતાર થતો નથી, એવા જિન ભગવાનને હું નમું છું. નમસ્કારનો જે વિકલ્પ છે તેનો આદર નથી પણ પરમાત્મદશાનો આદર છે. ભવના અભાવનો પડકાર કર્યો છે.

ભવના અભાવસ્વભાવને પામેલા પરમાત્માની વાણીનો અમે પરીક્ષાથી નિર્ણય કર્યો છે. એવા પરમાત્માને જ નમીએ છીએ. તે પરમાત્માને પ્રકાશમાન એવા શ્રી જિન કહો, સુગત કહો ગિરિધર કહો, વાગીશ્વર કહો કે શિવ કહો.

બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત, અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત શ્રીજિન ભગવાન (૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે, અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે; તેથી તેમને અહીં સુગત કહ્યા છે.

હે નાથ! જેને મોહ અને રાગ-દ્વેષ છે તે શોભનીક નથી, આપ જ મોહરાગદ્વેષ રહિત હોવાથી શોભનીક છો ને આપ જ કેવળજ્ઞાનને પામ્યા હોવાથી આપ જ સુગત છો. આપના સિવાય બીજો કોઈ વંદનીક નથી. આપને મોહાદિનો અભાવ છે ને કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા છે–એમ કહીને અસ્તિ–નાસ્તિથી વર્ણન કર્યું છે. હે ભગવાન! આપે ભવને ટાળ્યા છે ને જ્ઞાનમૂર્તિ આત્મા રહ્યો છે તેથી આપ જ પૂજ્ય છો. આપના સિવાય બીજા રાગી-દ્વેષી-મોહી જીવોને અમે માનતા નથી, નમતા નથી.

કૃષ્ણને ગિરિધર (અર્થાત્ પર્વતને ધારી રાખનાર) કહેવામાં આવે છે. શ્રી જિન ભગવાન અનંત વીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.

સ્વરૂપ રચનાના સામર્થ્યરૂપ વીર્યથી જેમણે અખંડ આત્માને ધારી રાખ્યો છે તે જ સાચા ગિરિધર છે. અનંતગુણના પહાડરૂપ આખા આત્માને આપે ધારી રાખ્યો છે, તેથી આપ જ ગિરિધર છો.

બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે. શ્રી જિન ભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે. વાક્ + ઈશ્વર એટલે વાણીના ઈશ્વર. કેવળજ્ઞાન થતાં ભગવાનને દિવ્યધ્વનિ હોય છે, તેવી વાણી બીજાને હોતી નથી. તેથી ભગવાનને વાણીના ઈશ્વર કહેવાય છે.

બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ એ ચારેની સામે ભગવાનને સુગત, ગિરિધર વાગીશ્વર અને શિવની ઉપમા આપી છે.

મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે. શ્રી જિન ભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.

હે કલ્યાણસ્વરૂપ ભગવાન! આપનો આત્મા ભવ રહિત થઈ ગયો છે તેથી આપ જ શિવ છો.

હે નાથ! આપ પૂરા! ને આપની જ વાણીમાં પરિપૂર્ણ કહેવાની તાકાત! હે નાથ! આપના સિવાય જગતના જે બુદ્ધ કે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ છે તે તો મોહમુગ્ધ અને કામવશ છે, તે પૂજ્ય નથી. હે નાથ! આપ સર્વજ્ઞ પરમાત્મપદને પામેલા અને ભવને જીતનારા છો. તેથી આપ જ પૂજ્ય છો.

—આવા પરમાત્માને અમે સ્વીકારીએ છીએ એટલે અમારા આત્માનો આવો સ્વભાવ જ અમે આદરીએ છીએ. બીજા રાગાદિને આદરતા નથી—એમ કહીને માંગલિક કર્યું તેમાં સર્વજ્ઞદેવને નમસ્કાર કર્યા.

હવે બીજા શ્લોકમાં જિનવાણીને નમસ્કાર કરે છે:—

**[ શ્લોકાર્થ:— ] વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (-જિન ભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું. ૨.**

વાચંયમીંદ્રો = મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો; મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો; વાક્સંયમીઓમાં ઇંદ્ર સમાન અર્થાત્ જિનદેવો. [ વાચંયમી = મુનિ; મૌન સેવનાર; વાણીના સંયમી. ]

જે મુનિઓએ સ્વરૂપમાં ઠરીને વાણીના વિકલ્પને પણ છોડી દીધો છે, તેનું નામ વાણીના જીતનાર છે, ને તેમાં સર્વજ્ઞદેવ ઇન્દ્ર એટલે કે શ્રેષ્ઠ છે. વાણીનો હું કર્તા એમ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે પણ વાણીનો હું કર્તા નથી એવા ભાનપૂર્વક

ચૈતન્યમાં ઠરીને જેણે વાણીને જીતી લીધા છે એવા સર્વજ્ઞ ભગવાનની વાણી શ્રેષ્ઠ નીકળે છે. સ્યાદ્વાદરૂપી વાણીને નીકળવાનું વાહન શું? કે સર્વજ્ઞ દેવનું મુખકમળ તે વાણીનું વાહન છે. તે વાણી બે નયોના આશ્રયે સર્વસ્વ કહેનારી છે.

આત્મા ત્રિકાળ શુદ્ધ છે ને તેની પર્યાયમાં ક્ષણિક અશુદ્ધતા પણ છે,–એમ બન્ને નયોથી કહે છે, પણ તેમાં આદરણીય બન્ને નથી. ત્રિકાળ તે નિશ્ચય અને વર્તમાન તે વ્યવહાર; તે બન્નેને કયારે જાણ્યા કહેવાય? કે ત્રિકાળને જાણતાં જ્ઞાનનું જોર તે ત્રિકાળ તરફ વળી જ જાય. વર્તમાન તો માત્ર જાણવા પૂરતું રહે છે,—એનું નામ બે નયોનું જ્ઞાન છે. પરંતુ નિશ્ચય પણ આદરણીય ને વ્યવહાર પણ આદરણીય એમ માને તો બે નયોનું યથાર્થ જ્ઞાન નથી. બે નયોના આશ્રયે બધું કહેનારી જિનવાણી છે. પણ તે બે નયોમાં આદરણીય નિશ્ચય છે ને વ્યવહાર તે માત્ર જ્ઞેય છે. ત્રિકાળી સ્વભાવનો આદર કરીને તે તરફ ઢળતું જ્ઞાન નિશ્ચય છે ને વર્તમાન વિષયને જાણતું જ્ઞાન તે વ્યવહાર છે. આમ બે નયોના આશ્રયે સર્વસ્વ કહેનારી જિનવાણીને હું નમસ્કાર કરું છું.

હે નાથ! આપ વચનના સંયમીઓમાં શ્રેષ્ઠ; અને આપની વાણી પણ શ્રેષ્ઠ! આપની વાણી બે નયોના આશ્રયે પૂરું કહેનારી છે, તે વાણીને હું વંદું છું. મને વિકલ્પ ઊઠયો છે માટે હું વંદું છું પણ તેમાં પરમાત્મા અને તેમની વાણી સિવાય બીજા ઉપર લક્ષ જતું નથી. આમ ભગવાનને અને ભગવાનની વાણીને વંદન કરીને માંગલિક કર્યું છે.

[ક્રમશઃ]

—૦—

## વૈરાગ્ય સમાચાર :—

મુંબઈનિવાસી શ્રી વીરચંદભાઈ પ્રાગજી મહેતા ઉમરાળાવાળા (વર્ષ ૭૮) તા. ૨૨-૨-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. તેઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રતિ ઘણો ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નતિ પામે એ જ ભાવના.

### ગતાંકની શુદ્ધિ

| પેઈજ નંબર | લાઈન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૯ | ૧૫ | પરની | ભગવાનની |
| ૮ | ૨૩ | ઉત્પાદ, વ્યય વિનાની | વ્યય વિનાનો ઉત્પાદ |
| ૫ | ૨૮ | આત્માનો | આત્મા |

સોનગઢમાં

# * માનીઓના માન ગાળતો માનસ્તંભ *

[શ્રી માનસ્તંભના શિલાન્યાસ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી પ્રવચન]

આજે માનસ્તંભના શિલાન્યાસનું મુહૂર્ત છે. તીર્થંકરોની સભામાં માનસ્તંભ હોય છે. જે જીવ તીર્થંકર થાય છે તેણે પૂર્વે આત્માનું ભાન કરેલું હોય છે, પણ વીતરાગતા થઈ નથી તેથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો શુભરાગ આવે છે. આત્માનું ભાન થયા પછી એક જ જાતના શુભરાગના પરિણામ હોતા નથી. તે જીવને આવો જ શુભરાગ કેમ? પૂર્વે કાંઈ તીર્થંકરનામકર્મ બાંધેલ નથી કે જેના નિમિત્તે આવો શુભરાગ આવે, પણ તે જીવદ્રવ્ય જ એવું છે કે તેને જ તે પ્રકારનો શુભરાગ હોય છે ને તીર્થંકર પુણ્ય પ્રકૃતિ બંધાય છે. તે પ્રકૃતિનો ઉદય તેરમાં ગુણસ્થાને આવે છે ત્યારે તીર્થંકરને રાગ હોતો નથી. તે પુણ્ય પ્રકૃતિના ઉદયના નિમિત્તે ઇંદ્રો આવીને સમવસરણની રચના કરે છે. વર્તમાનમાં મહાવિદેહમાં શ્રી સીમંધરસ્વામી બિરાજે છે. ત્યાં ઇંદ્રોએ રચેલું સમવસરણ છે. તેનો નમૂનો અહીં છે પણ તે આત્માથી જુએ તો સમજાય તેવું છે.

ભગવાનના સમવસરણમાં ચાર બાજુએ ચાર માનસ્તંભ હોય છે. તેને દેખીને માન ગળી જાય છે. મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ કદાચ ન જાય તોપણ એને એમ તો થાય કે આ કોઈ અલૌકિક પુરુષ છે એમ માન ગળે છે.

તીર્થંકર ભગવાન તો વીતરાગ છે. તેમને સમવસરણ સાથે કાંઈ લેવા-દેવા નથી. તીર્થંકર પ્રકૃતિનો ઉદય ૧૩ મે ગુણસ્થાને આવે છે. ઇંદ્ર સમવસરણ રચે તેમાં તે નિમિત્ત છે. તીર્થંકર પુણ્ય પ્રકૃતિના વિપાક વખતે જે સંયોગો આવવાના હોય તે આવે છે. ચિદાનંદ આત્માની ખબર પડે તેવા કોઈ જીવને એવા પુણ્ય પરિણામ થતાં તેના નિમિત્તે વૈભવનો પાર નથી. તે ભગવાનના સમવસરણમાં માનસ્તંભ હોય છે.

ભગવાન મહાવીર અહીં ભરતક્ષેત્રમાં તીર્થંકરપદે હતા. ત્યારે તેમના સમવસરણમાં ચાર બાજુએ ચાર માનસ્તંભ હતા. ગૌતમ બ્રાહ્મણ હતા. માનસ્તંભને જોતાં તેમનું માન ગળી ગયું. ભગવાનની વાણી છૂટી તે વખતે આત્માનું ભાન પામી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા પામ્યા, ગણધર પદ પામ્યા, ચૌદ પૂર્વ ને બાર અંગની રચના કરી.

## શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના વિવિધ દાનખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ :—

૧૦૦૧ સ્વ. શ્રી કંચનબેન ચુનીલાલ શાહના સ્મરણાર્થે
હ. કીરીટ શાહ કલકત્તા

૫૦૪ શ્રી વ્રજલાલ કસ્તૂરચંદ શાહના સ્મરણાર્થે
હ. શાન્તાબેન વ્રજલાલ શાહ

૧૦૦૧ સ્વ. શ્રી મહેતા અમૃતલાલ વચ્છરાજ
હ. મનુભાઈ ખારા જાગીયા

૨૦૧ શ્રી હસમુખરાય છોટાલાલ શાહ મુંબઈ

૫૨૯ ,, લીલાવતીબેન હરિદાસ દોશી પોરબંદર

૨૦૧ ,, સ્નેહલ તથા ડો. પરેશા ઘાટકોપર

૨૫૨ ,, કાન્તાબેન હીંમતલાલ શાહ વીરમગામ

૧૦૦૨ ,, જ્યોતિન્દ્ર ન્યાલચંદ દોશી અમેરિકા

૧૪૦૧ ,, વિજયભાઈ કાંતીલાલ શેઠ મુંબઈ

૨૦૧ ,, ત્રંબકલાલ હીંમતલાલ ઘડીયાળી સોનગઢ

૩૦૧ ,, ખેમરાજ દુલીચંદ જૈન ખેરાગઢ

૧૦૧ ,, કંકુબેન સોનગઢ

૧૦૧ ,, એક મુમુક્ષુબેન તરફથી સોનગઢ

૫૦૧ ,, જયંતભાઈ મુલુજીભાઈ શાહ ઘાટકોપર

૩૦૨ ,, કપુરચંદભાઈ વોરા કલકત્તા

૩૦૨ ,, દિ.જૈન યુવામંડળ વઢવાણસીટી

૧૦૧ શ્રી ચંદુલાલ હરીલાલ મહેતા જમશેદપુર

૨૦૨ ,, કિશોરકાન્ત વીરચંદ મોદાણી મુંબઈ

૧૦૦૧ ,, અજવાળીબેન પ્રાણલાલ દેસાઈ દાદર

૧૦૧ ,, હરીશચંદ્ર જૈન મેરઠ

૫૦૧ ,, મોરબી દિ. જિનમંદિર ટ્રસ્ટ મોરબી

૧૦૧ ,, જયવંતભાઈ મગનલાલ મહેતા
(ટ્રસ્ટી મંડળના સુખદસમાધાનની ખુશાલીમાં) ઘાટકોપર

૫૦૨ ,, સુરેન્દ્રભાઈ જૈન દિલ્હી

૧૦૨ ,, સરોજબેન દીનેશભાઈ વોરા અમેરિકા

૨૦૧ ,, નરશીભાઈ પૂંજાભાઈ શાહ નાયરોબી

૧૦૧ ,, ચીમનલાલ વાડીલાલ સોગઠી જલગાંવ

૫૦૧ ,, નરસિંહભાઈ દેવેનભાઈ શાહ નાયરોબી

૫૦૧ ,, કરમશીભાઈ જે. શાહ નાયરોબી

૧૦૦૧ ,, નાનાલાલ કાલીદાસ જસાણી

૫૦૧ ,, હીરાભાઈ ભીખાભાઈ દહેગામ

૨૫૨ ,, રવિચંદ વીકમચંદ સંઘવી મદ્રાસ

૫૦૧ શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ મોમ્બાસા
(ટ્રસ્ટી મંડળના સુખદસમાધાનની ખુશાલીમાં)

[ ફાગણ સુદ બીજના રોજ જિનેન્દ્રદેવની આરતી નિમિત્તે જાહેર થયેલી રકમ ]

૭૫૨–૫૦ શ્રી નાનાભાઈ જસાણીનો પરિવાર મુંબઈ

૩૧૨–૫૦ ,, પુષ્પાબેન એમ. દોશી મુંબઈ

૩૨૭–૫૦ ,, રસિકલાલ વી. સંઘવી કલકત્તા

૨૭૭–૫૦ ,, મનુભાઈ કામદાર શિહોર

૨૫૨–૫૦ ,, શીવલાલ વીરચંદભાઈ બોટાદ

૧૨૭–૫૦ ,, ત્રંબકભાઈ ઘડીયાળી સુરેન્દ્રનગર

૧૨૭–૫૦ શ્રી હીંમતલાલ ઓખાણીયા
હ. બ્ર. જશીબેન સોનગઢ

૧૨૭–૫૦ ,, વીરચંદભાઈ મોદાણી કલકત્તા

૨૫૨–૫૦ ,, મનસુખલાલ બોટાદરા કલકત્તા

૧૫૨–૫૦ ,, ધારશીભાઈ જટાશંકર સાયન

(ક્રમશઃ)

**પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં**

૫૦૧૦ જિતેન્દ્રકુમાર કાંતિલાલ દોશી મુંબઈ. ૪૦૦૬ કાનજીભાઈ લલ્લુભાઈનો પરિવાર સોનગઢ

[ **નોંધ** :—મર્યાદિત જગ્યાના કારણે માત્ર સોનગઢના વિવિધ ખાતાઓ માટે જાહેર કરવામાં આવેલી દાનરાશિ જ અત્રે પ્રગટ થઈ શકશે. ]



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જેના સામર્થ્યથી આત્મા કામક્રોધાદિક રાગ ભાવથી વિરક્ત થાય છે, જેના પ્રભાવથી આત્મા કલ્યાણકારી મોક્ષમાર્ગમાં અનુરક્ત થાય છે, જેના હોવાથી પ્રાણીઓમાં મૈત્રીભાવ વધે છે તેને જિનાગમમાં સમ્યગ્જ્ઞાન કહે છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૮૬)

૨. જેમ અગ્નિ ઈંધન વડે તૃપ્ત થતી નથી, સમુદ્ર હજારો નદી વડે તૃપ્ત થતો નથી તેમ સંસારી જીવ ત્રણલોકનો લાભ પ્રાપ્ત થાય તોપણ તૃપ્તિ પામતો નથી. (શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૧૪૩)

૩. જે શાસ્ત્ર જિનેન્દ્રદેવ દ્વારા પ્રરુપિત છે, અનર્થનું નાશક છે, અનેક વિશેષતાવાળું છે, ઉત્કૃષ્ટ છે તથા અમૃત સમાન સર્વ પ્રાણીઓનું હિત કરવાવાળું છે, તેને અહીં જીવોને ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે પ્રગટ કરવું તેને શાંત મુનિઓ ત્યાગ-ધર્મ કહે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, સર્ગ-૨૮, શ્લોક-૧૫)

૪. જેમ કોઈ સૂર્યની સામે છત્ર ધરે તો તેથી સૂર્યને કંઈ લાભ થતો નથી, પરંતુ છત્ર ધારણ કરવાવાળાને છાયાનું સુખ અવશ્ય મળે છે. તેમ ભગવાનની સેવા ઈન્દ્ર કરે છે તેથી ભગવાનને કંઈ પ્રયોજન નથી પરંતુ ભક્તિ કરવાથી ઈન્દ્રને જ તે ભક્તિ સુખનું કારણ થાય છે.

(મહાકવિ ધનંજય, વિષાવહાર સ્તોત્ર, શ્લોક-૧૭)

સંપાદક : નાગરદાસ બી. મોદી   તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ   PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ [પ્રત : ૩૦૦૦] [વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦